**C.C.NO. 7084/17**

## –: આંક–૧ લગત હુકમ :–

સદરહુ ચાર્જશીટ મુજબનું પોલીસ ચલણનું અને સમન્સ સમરી ટ્રાયેબલ ગુનાનું છે. સદર કેસ જૂનો છે. આરોપીને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફત બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદ પક્ષ નીષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણી કરવામાં સતત નીષ્કાળજી દાખવેલ છે જેને કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકેલ નથી. લાંબા ગાળાથી નીકાલ બાકી રહેલ છે. જેથી મુલચંદ મોતીલાલ રાકા વી. મહારાષ્ટ્ર રાજય ૧૯૯૬(૨) ક્રાઈમ્સ ૧૭૭(બોમ્બે) તથા શેખ એહમદ હુસેન મહારાષ્ટ્ર રાજય, ૧૯૯૧ ક્રી.લો.જ.૨૩૦૩ બોમ્બેનો ચૂકાદાઓમાં સ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા તમામ હકીકત અને સંજોગોમાં સદર કેસ ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય,વ્યાજબી અને ન્યાયી જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>હુ ક મ</u>**

૧. આથી સદર કેસ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં આરોપી જયારે પણ હાજર થાય કે મળી આવે કે રજૂ થાય ત્યારે ફરીયાદ પક્ષ ઈચ્છે તો આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલી શકશે.

હુકમ આજ તા.૦૮ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૦ નારોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮–૦૨–૨૦૨૦

( જે.વી. પટેલ )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.